# આવતીકાલે શહેરમાં હનુમાન જયંતિ ધામધૂમથી ઉજવાશે

## ગાંધીનગરના હનુમાન મંદિરો ખાતે મહાઆરતી અને સુંદરકાંડના પાઠના આયોજનો : ડભોડીયા દાદાને ૧૧૧૧ ડબા તેલનો અભિષેક કરાશે : ૧૫૧ કિલોની કેક કાપીને દાદાનો "હેપ્પી બર્થ ડે" સેલીબ્રેટ કરાશે








ગાંધીનગર, તા.૦૪

સમગ્ર ગાંધીનગર શહેરમાં આગામી તા.૬ઠ્ઠી એપ્રિલ ગુરુવારે ચૈત્રી પૂનમ નિમિત્તે રામભક્ત શ્રી હનુમાનજીની જન્મજયંતિની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવશે. શહેરના વિવિધ હનુમાન મંદિરો અને રામ મંદિરો ખાતે વિશેષ મહાઆરતી, યજ્ઞ અને સુંદરકાંડના પાઠ વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરની સોસાયટીઓમાં પણ હનુમાન જયંતિ નિમિત્તે સામુહિક સુંદરકાંડના પાઠ યોજાશે. ગાંધીનગર પાસેના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડભોડિયા હનુમાનજી મંદિરે મારુતિ યજ્ઞ, શોભાયાત્રા, ધ્વજારોહણ અને મહાઆરતી જેવા ધાર્મિક પ્રસંગોનું આયોજન કરાયું છે. આ સાથે ડભોડીયા દાદાને ૧૧૧૧ ડબા તેલનો અભિષેક કરવામાં આવશે તેમજ ૧૫૧ કિલોની કેક કાપીને દાદાનો "હેપ્પી બર્થ ડે" સેલીબ્રેટ કરવામાં આવશે. ગાંધીનગર તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ તથા શ્રધ્ધાળુઓના આસ્થાના કેન્દ્ર સમા સ્વયંભૂ ડભોડિયા હનુમાનજી મંદિરે હનુમાન જન્મોત્સવની ધામધૂમથી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત શહેરના વિવિધ હનુમાન મંદિરો જેવાકે સે.૧૭, સે.૩, સરગાસણ ટીપી-૯ ખાતે હડમતીયા હનુમાન વગેરે ઉપરાંત રામમંદિરો ખાતે હનુમાન જયંતી નિમિત્તો અનેકવિધ ધાર્મિક પ્રસંગો ઉજવાશે. ગાંધીનગર શહેરના અનેક વિસ્તારમાં સોસાયટીઓમાં સામુહિક સુંદરકાંડના પાઠનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ડભોડીયા હનુમાનજીના મંદિરે વહેલી સવારે ૫ કલાકે મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારબાદ ૮.૩૦ કલાકે મહારુદ્રાભિષેક યોજાશે જેમાં ડભોડિયા દાદાને ૧૧૧૧ ડબા તેલનો અભિષેક કરવામાં આવશે ત્યારબાદ દાદાની ભવ્ય શોભાયાત્રા યોજાશે. ડભોડિયા દાદાના મંદિરના શિખરે ૧૧.૪૫ કલાકે ધ્વજારોહણ કરાશે અને ૧૨.૨૦ કલાકે ૧૫૧ કિલોની કેક કાપીને દાદાનો "હેપ્પી બર્થ ડે" સેલીબ્રેટ કરવામાં આવશે. વહેલી સવારથી જ ડભોડિયા દાદાના દર્શન માટે ખૂબ જ મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટી પડે છે અને સમગ્ર ડભોડામાં લોકમેળા જેવો માહોલ છવાઈ જાય છે. હનુમાન જયંતિ નિમિતે દર્શનાર્થીઓ માટે ૧૦થી ૩ કલાક દરમ્યા મહાપ્રસાદની વ્યવસ્થા પણ કરવામાં આવી છે જેમાં આશરે ૫૦ હજારથી વધુ ભક્તો મહાપ્રસાદનો લાભ લે તેવી શક્યતા છે અને આશરે બે લાખથી વધુ ભક્તોએ ડભોડા દાદાના દર્શન કરશે. મોટી સંખ્યામાં ભાવિકો દાદાની શોભાયાત્રામાં જોડાશે અને દાદાના જયઘોષ સાથે આ પાવન પર્વની ઉજવણી કરશે.

# સેક્ટર-૨૨ જૈન દેરાસરમાં મહાવીર જયંતીની ભવ્ય ઉજવણી

### અહિંસાના સંદેશને પાળતા ભગવાન મહાવીરના રથને હાથથી ખેંચવામાં આવ્યો







ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર સેક્ટર-૨૨ના જૈન દેરાસરમાં મંગળવારે જૈન સમાજ દ્વારા મહાવીર જયંતીની ઉમળકાભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભવ્ય શોભાયાત્રા, ગુરૂદેવ પ્રવચન, સમૂહ સ્નાત્ર પૂજા જેવા કાર્યક્રમનું આયોજન થયું હતું.

સવારે ૭ કલાકે ભગવાન મહાવીરની મૂર્તિ અને પાલખી સાથે દેરાસરમાંથી શોભાયાત્રાનું પ્રસ્થાન થયું હતું અને સેક્ટર-૨૨નું શોપિંગ સેન્ટર, પંચદેવ મંદિર, સેક્ટર-૨૧ અને ચ-૫ થી પસાર થઈને પરત ફરી હતી. પ્રવચનમાં પૂ. ગુરૂદેવ હેમચંદ્રસાગર સૂરેશ્વરજીએ આત્મા (અંતર અને બાહ્ય) અને મોક્ષ તેમજ ભગવાન મહાવીરના ત્યાગ અંગે જ્ઞાન અર્પણ કર્યુ હતુ. સમૂહ સ્નાત્ર પૂજાનું પણ આયોજન કરાયું હતું. ભગવાન મહાવીરની ૨૬૨૧મી જયંતીની ભવ્ય ઉજવણીમાં અંદાજે ૨૦૦ જેટલા ભાવિકો જોડાયા હતા. શોભાયાત્રામાં નિર્દોશ આનંદ અને હર્ષોલ્લાસ બાળકોમાં વર્તાઈ રહ્યો હતો.

# માણસામાં ધો.૧૦ના વિધાર્થીઓને વિનામૂલ્યે ટ્યુશનનું શિક્ષણ મળશે

ગાંધીનગર, તા.૦૪

માણસા ખાતેના શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ અને ગાંધીનગરના કર્મા ફાઉન્ડેશનના સહયોગથી ધોરણ-૧૦ ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજીક-વિજ્ઞાન, અને અંગ્રેજી વિષયોના ટ્યુશન ક્લાસિસમાં વિનામૂલ્યે શિક્ષણ આપવામાંનું આયોજન કરવામાં આવ્યું છે. માણસા નગર અને આજુબાજુના વિસ્તારના વર્તમાન સમયની ખૂબ જ મોંઘી ટ્યુશન ફી ન ભરી શકતા જરૂરિયાતમંદ વિધાર્થી ભાઈ-બહેનોને માટે સારા સમાચાર છે કે તેમને હવે વિના મૂલ્યે ઉત્તમ શિક્ષણ મળી રહે તેવા ઉમદા હેતુથી કર્મા ફાઉન્ડેશનના અનુભવી અને નિષ્ણાંત એન્જીનીયરો(અધ્યાપકો) દ્વારા આનંદીમાના વડલે વિના મૂલ્યે ટ્યુશન ક્લાસીસનું આયોજન કરવામાં આવ્યું છે જેનો લાભ જરૂરીયાતમંદ વિદ્યાર્થી- ભાઈ બહેનો લઈ શકશે. આ વર્ગોનો શુભારંભ તા.૬.૫.૨૦૨૩ને શનિવાર સાંજે ૪થી ૭ કલાક દરમ્યાન અને તા.૦.૫.૨૦૨૩ને રવિવાર સવારે ૮થી ૧૧ કલાક દરમ્યાન વર્ગો યોજીને કરાશે. આ પછી દર માસના શનિ-રવિ આ ક્લાસીસ ચલાવવામાં આવશે. આ સેવા કાર્યમાં કર્મા ફાઉન્ડેશનની ટીમના સનમ ડી.કડિયા (બી.ઈ.સીવીલ), જય આર. પ્રજાપતિ(બી.ઈ. સીવીલ), યામિની એન. પંડ્યા (એમ.ઈ. કમ્પ્યુટર), આકાશ જે. કડિયા (બી.ઈ. સીવીલ) અને કેયુર ડી. કડોયા(બી.ઈ.સીવીલ) અને કેયુર ડી. કડોયા(બી.ઈ. સીવીલ)નો સમાવેશ થાય છે. આ વર્ગોમાં નામ નોંધાવવા વિદ્યાર્થીઓએ સવારે ૧૦થી ૧૨ માણસા-મકાખાડ રોડ પર આનંદીમાનો વડલો ખાતે રૂબરૂ મુલાકાત લેવાની રહેશે. વર્ગોમાં નામ નોંધાવવાની છેલ્લી તા.૩૦ રવિવાર રાખવામાં આવી છે અને વધુ વિગત માટે સંપર્ક સેતુ તરીકે મનહરભાઈ જોષીના મો.૮૧૨૮૬૮૦૦૦૭ ડાયલ કરવાનો રહેશે. આ સાથે સંસ્થા દ્વારા ખાસ જણાવાયું છે કે ટ્યુશન ક્લાસીસમાં જોડાનાર વિદ્યાર્થીએ ૧૦૦૦/- ડિપાઝીટ પેટે જમા કરાવવાના રહેશે. જે વિધાર્થીની ક્લાસમાં ૮૦ ટકા કરતાં વધારે હાજરી હશે તેને આ ડિપોઝીટ વર્ષના અંતે પરત આપવામાં આવશે જ્યારે અનિયમિત વિધાર્થીઓની ડિપોઝીટ પરત મળશે નહીં.

### આનંદીમાના વડલે શ્રી વિઘ્નેશ્વરી પરિવારના સેવા કાર્યો

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત મા પાલઈ વિઘ્નેશ્વરી ધામ(પંચદેવ મંદિર) અને આનંદીમાનો વડલો વાનપ્રસ્થાશ્રમ ખાતેથી અનેક વિધ સેવાઓ ચલાવાય છે જેમાં "દિકરી દેવો ભવ:" યોજના જેમાં પિતા વિનાની તમામ જ્ઞાતિની જરૂરિયાતમંદ દિકરીઓના તેમના નક્કી કરેલા સમયે અને મુહૂર્તો વિનામૂલ્યે લગ્ન કરાવી આપવામાં આવે છે, મા વિઘ્નેશ્વરી જીવદયા રથ જેના થકી અબોલ પશુ પંખીઓ તેમજ જરૂરિયાતમંદ સેવાભાવી સંસ્થાઓ અને અન્નક્ષેત્ર માટે ભૂખ્યાજનોનો જઠરાગ્નિ ઠારવા જીવદયા રથ સેવારત બન્યો છે. જેમાં ગાય, કૂતરા માટે રોટલી, રોટલા, ભાખરી અને ગોળ તેમજ પંખીઓ માટે ઘઉં, જુવાર, બાજરી, ચોખા મકાઈ જેવા પંચધાન્યો અને રોકડ દાન ઉઘરાવી જરૂરીયાતમંદ સેવાભાવી સંસ્થાઓ તેમજ અન્નક્ષેત્ર દ્વારા ભૂખ્યાજનોનો જઠરાગ્નિ ઠારવામાં આવે છે, મા વિઘ્નેશ્વરી ગૌ-માતા સેવા રથ એમ્બ્યુલન્સ માણસા પંથકમાં અકસ્માતથી ઈજાગ્રસ્ત થયેલાં અને બિમાર અશક્ત, ગૌ-માતા અને અબોલ જીવોને નજીકના સારવાર કેન્દ્ર (પાંજરાપોળ) સુધી નિઃશુલ્ક પહોંચાડવાની સેવા પુરી પાડવામાં આવે છે. આ ઉપરાંત મા વિઘ્નેશ્વરી મોક્ષ રથ દ્વારા માણસા પંથકમાં મોક્ષવાસી થયેલ સ્વજનની અંતિમ યાત્રા માટે મોક્ષધામ સુધી પહોંચાડવાની સેવા અને મા વિઘ્નેશ્વરી આશીર્વાદિત અસ્થિ કળશ થકી સ્વર્ગવાસી સ્વજનોના અસ્થિનું દર ત્રણ માસે પૂજન સાથે હરિદ્વાર મુકામે મા ગંગાના પવિત્ર જળમાં અસ્થિ વિસર્જન કરવાની સેવા આપવામાં આવે છે.

### આણંદ કૃષિ યુનિવર્સિટીમાં પ્રાકૃતિક કૃષિ પ્રશિક્ષક શોધ કાર્યશાળા

# પ્રાકૃતિક કૃષિએ ધાર્મિક ભાવ નહી, પરંતુ શુદ્ધ વિજ્ઞાન છે : રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

### રાજ્યપાલશ્રીના હસ્તે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોનું સન્માન કરાયું



ગાંધીનગર, તા.૪

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું છે કે, જળવાયુ પરિવર્તનના પડકારો સામે ભારત વર્ષની જમીન, નાગરિકોનું આરોગ્ય, પાણી, પર્યાવરણ અને ખેડુતોને પ્રાકૃતિક કૃષિ જ બચાવી શકશે. પ્રાકૃતિક કૃષિએ ધાર્મિક ભાવ નહીં, પરંતુ શુદ્ધ વિજ્ઞાન છે.

રાજયપાલશ્રીએ ઉમેર્યું કે, ધરતી માતાને બચાવવા માટે રાસાયણિક પદ્ધતિથી થતી ખેતી છોડવી પડશે. રાસાયણિક ખેતીથી જમીનની ફળદ્રુપતા ઘટી છે, એટલું જ નહી તેમાંથી ઉત્પન્ન થતા ધાન્યો પણ ઝેરયુક્ત બન્યા છે, જેની નાગરિકોના સ્વાસ્થ્ય ઉપર વ્યાપક અસરો થતાં કેન્સર, હદયરોગ જેવી અસાધ્ય બિમારીઓનું પ્રમાણ સમાજમાં વધ્યું છે.

આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે ગુજરાત નેચરલ ફાર્મિંગ એન્ડ ઓર્ગનિક એગ્રીકલ્ચર યુનિવર્સિટી, હાલોલ દ્વારા યોજાયેલ ત્રિદિવસીય પ્રાકૃતિક કૃષિ પ્રશિક્ષક શોધ કાર્યશાળાને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સંબોધન કર્યું હતું. આ કાર્યશાળામાં છેલ્લા ત્રણ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરતા ૬૦૦ જેટલા ખેડૂતો ભાગ લઈ રહ્યા છે. આ અવસરે રાજ્યપાલશ્રીના હસ્તે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોનું પ્રમાણપત્ર આપી બહુમાન કરવામાં આવ્યું હતું.

રાજયપાલશ્રીએ જણાવ્યું કે, રાસાયણિક ખેત પદ્ધતિથી જમીનમાં ઓર્ગેનિક કાર્બનમાં ઘટાડો થાય છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના વધુ પડતા વપરાશને પરિણામે જમીન બિનઉપજાઊ બની રહી છે.

# મિશ્રઋતુના કારણે શરદી-ઉધરસ તાવ અને ઝાડા ઉલટીના કેસ વધ્યા

### દર્દીઓથી ઉભરાઈ રહી છે સરકારી અને ખાનગી હોસ્પિટલો : મહાનગરપાલિકા દ્વારા ફોગિંગ, દવાનો છંટકાવ સહિતની કામગીરી હાથ ધરાય તેવી માંગ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી લોકો મિશ્ર ઋતુનો અહેસાસ કરી રહ્યા છે. બપોરે અસહ્ય ગરમી અને વહેલી સવારે અને રાત્રીના સમયે ઠંડકને કારણે રોગચાળો બેકાબુ બન્યો છે. રાજકોટ શહેરની સરકારી અને ખાનગી હોસ્પિટલો હાલમાં દર્દીઓથી ઉભરાઈ રહી છે અને ઘરે ઘરે માંદગીના ખાટલાં જોવા મળી રહ્યા છે. વાયરલ ઈન્ફેકશનના કેસમાં નોંધપાત્ર વધારો થયો છે. શરદી ઉધસર અને તાવને લગતી બીમારીના કેસોમાં વધારો થયો છે.

આ આંકડાઓ વાસ્તવિક આંકડાઓથી ખુબ જ ઓછા હોય તેવું લાગી રહ્યું છે. જાન્યુઆરી માસથી અત્યાર સુધીમાં પાંચ હજારથી વધારે કેસ નોંધાઈ ચૂક્યા છે જે ગત વર્ષ કરતા ખુબ જ વધારે છે. જો કે આ આંકડાઓ માત્ર સરકારી હોસ્પિટલો અને અર્બન હેલ્થ સેન્ટરના છે. જ્યારે અહીંથી ખુબ જ ખરાબ સ્થિતિ ખાનગી હોસ્પિટલોની છે. વાઈરલ ઈન્ફેકશનના કેસ જે રીતે વધી રહ્યા છે તેની સાથે સાથે કોરોનાના કેસમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. રોગચાળો વકરે નહિ તે માટે મહાનગરપાલિકા દ્વારા ફોગિંગ, દવાનો છંટકાવ સહિતની કામગીરી હાથ ધરવામાં આવે તેવી માંગ છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ડેંગ્યુ ચીકનગુનિયા જેવા કેસો વધે નહિ તે માટે તકેદારી રાખવી પડશે. આરોગ્ય વિભાગ દ્વારા લોકોને આ ઋતુમાં ઠંડાપીણાનો ઉપયોગ ન કરવા, વાસી અને ખુલ્લામાં પડેલો ખોરાક ન ખાવા અપીલ કરવામાં આવી છે. જરા પણ અસર જણાય તો તુરંત જ તબીબની સલાહ લઈને જરૂરી દવા લેવાની સૂચના આપવામાં આવી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

# મહાવીર જયંતિના દિવસે પણ અનેક સરકારી કચેરીઓ ચાલુ રહી..!!

### માર્ચ એન્ડિંગના અધુરાં રહેલાં કાર્યો નીપટાવવા રજાના દિવસનો અધિકારીઓ-કર્મચારીઓએ ઉપયોગ કરી લીધો

ગાંધીનગર, તા.૦૪

નાણાંકીય વર્ષ દર વર્ષે તા.૧લી એપ્રિલથી શરૂ થઈને તા.૩૧મી માર્ચના રોજ પૂર્ણ થાય છે. આ કારણે માર્ચ માસના અંત ભાગમાં ખાનગી પેઢી કે સરકારી કચેરી હોય દરેકને નાણાંકીય વર્ષના હિસાબો પૂર્ણ કરવા સહિત જે તે વર્ષના નિર્ધારિત કાર્યો પૂર્ણ કરવાનો ભાર રહે છે. આ કારણે સરકારી કચેરીઓમાં પણ માર્ચ માસના અંતના ભાગે ફાઈલોના ઢગલાં વધુ ખડકાયેલાં જોવા મળે છે અને અધિકારીઓ-કર્મચારીઓ મોડે સુધી કામમાં વ્યસ્ત જોવા મળે છે. માર્ચ માસમાં રજાઓના દિવસે પણ સરકારી કચેરીઓ કાર્યરત જોવા મળે તે સ્વાભાવિક છે પરંતુ માર્ચ એન્ડિંગમા ભારે વર્કલોડને કારણે અધુરાં કાર્યોને નિપટાવવા આજે એપ્રિલ માસમાં મહાવીર જયંતિ નિમિત્તે આવેલી પ્રથમ સરકારી રજાના દિવસે પણ અનેક સરકારી કચેરીઓ ચાલુ જોવા મળી હતી. એક તરફ આઈપીએલની ક્રિકેટ મેચો પણ શરૂ થઈ ગઈ છે અને બીજી તરફ શહેરના પરીક્ષાઓની મોસમ જાય છે તેમ છતાં આજે પાટનગરમાં અનેક સરકારી કચેરીઓ ચાલુ જોવા મળી હતી. માર્ચ એન્ડિંગના અધૂરા રહેલા કાર્યો અને ફાઈલોને નીપટાવવા માટે ગાંધીનગરના જુના સચિવાલય તેમજ નવા સચિવાલય સહિત અન્ય સરકારી ભવનમાં કાર્યરત સરકારી કચેરીઓ આંશિક રીતે આજે ચાલુ રહી હતી જેમાં મોટેભાગે કર્મચારીઓએ માર્ચ એન્ડિંગના પેન્ડિંગ રહેલા કાર્યોને પુરા કરવા કામ કર્યું હતું. ચાલુ દિવસે રૂટીન કાર્યોના લોડ અને મુલાકાતીઓના ધસારા વગેરેને કારણે માર્ચ એન્ડિંગના પેન્ડિંગ કાર્યો કરવામાં અનુકૂળતા ઓછી રહેતી હોય છે જેના કારણે આજે રજાના દિવસે બાકી રહેલા કાર્યોને શાંતિથી નીપટાવી લેવાનું અધિકારીઓ તથા કર્મચારીઓએ યોગ્ય માન્યું હતું જેના કારણે આજે પાટનગરમાં અનેક સરકારી કચેરીયો ખુલ્લી જોવા મળી હતી જોકે તેમાં મુલાકાતઓ માટે પ્રવેશ નહોતો.



માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા સેક્ટર-૩/બી ખાતે આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી અને આનંદના ગરબાનો લાભ લીધો હતો.